# ‘સીરીયલ કિસર’ના ટેગથી હું શરમાતો નથી: ઈમરાન હાશ્મી



સ્ટાર ટૉક

ઈમરાન હાશ્મી – એ નામ સાંભળતા જ યાદ આવે છે 2000માં બોલિવૂડનો સ્માર્ટ- રેબલ, સૌથી બેફામ રોમેન્ટિક હીરો. પણ 2025માં ઇમરાન અલગ છે – તે વધુ મેચ્યોર, વિચારશીલ અને સામાજિક રીતે જાગૃત લાગી રહ્યો છે. તે કેન્સર સામે લડી રહેલા પોતાનાં બાળક માટે પુસ્તક લખે છે તો સિરીયલ કિસરનાં ટેગને દૂર મુકી સોશ્યલ મેસેજ આપતી ફિલ્મો પણ કરે છે. તેની આવી રહેલી નવી ફિલ્મ ‘હક’ પણ એક એવી જ કોર્ટરૂમ ડ્રામા છે જે સ્ત્રીના સ્વાભિમાન અને ન્યાયની લડતની વાત કરે છે. ત્યારે ઈમરાનના બદલાતા દૃષ્ટિકોણને વધારે સમજીએ.

***ફિલ્મ ‘હક’ એક સંવેદનશીલ સામાજિક વિષય પર આધારિત છે. તમે આ ફિલ્મ દ્વારા શું કહેવા માંગતા હતા?***

**ઇમરાન:** આ ફિલ્મ કોઈ સમુદાયને ટારગેટ કરતી નથી. આ એક કોર્ટરૂમ ડ્રામા છે જેમાં એક સ્ત્રી પોતાના અધિકાર અને સન્માન માટે લડે છે. અમારું ધ્યેય એ વિષયને સંવેદનશીલ રીતે રજૂ કરવાનો હતો. અને ‘શાહ બાનો કેસ’ જેવી રીઅલ લાઈફ ઈન્સ્પિરેશન છે આવા વિષયો ખૂબ સંવેદનશીલ હોય છે. અમારી ઈચ્છા ક્યારેય કોઈ સમુદાય પર આંગળી ઉઠાવવાની નહોતી, પરંતુ એ સિસ્ટમ પર ચર્ચા કરવાની હતી જે સ્ત્રીઓને ન્યાય અને માનથી વંચિત રાખે છે.”

***ફિલ્મની કો-એક્ટ્રેસ યામી ગૌતમની ખૂબ પ્રશંસા કરી છે, કામ કરવાનો અનુભવ કેવો રહ્યો?***

**ઇમરાન:** યામી એક ખૂબ જ પ્રતિભાશાળી અભિનેત્રી છે. એ દરેક દૃશ્યમાં ઇમાનદારીની ભાગ ભજવે છે અને જ્યારે સામેનો કલાકાર એટલો સમર્પિત હોય, ત્યારે તમે પણ વધુ સારું કામ આપવાનો પ્રયાસ કરો છો. એટલે સાથે કામ કરવાની ખૂબ મજા આવી.

***તમે રોલ માટે કેવી રીતે તૈયારી કરો છો?***

**ઇમરાન:** હું દરેક પાત્ર માટે એક રિએક્શન્સ અપનાવું છું. શરૂઆતના દિવસોમાં પાત્રનો લય પકડવાનો પ્રયાસ કરું છું. એના વિચાર અને બોલવાની રીત સમજ્યા પછી જ શૂટિંગ શરૂ કરું છું. મને તે કિરદારની આંતરિક લય સમજવી ગમે છે. બધા કલાકારો માટે આ જ પડકાર હોય છે. તમે તે સમજી લો એટલે તૈયારી પૂરી થઇ સમજવું.

***કેવા ડિરેક્ટર્સ સાથે કામ કરવું ગમે છે.?***

**ઇમરાન:** “મને એવા નિર્દેશકો ગમે છે જેઓ વિશ્વાસથી નિર્ણય લે છે. આજકાલ ઘણા ફિલ્મમેકર્સ જોખમ લે છે, નવા વિષય પર બોલે છે – એ હિંમત મને પ્રેરણા આપે છે.

***સંગીત હંમેશા તમારી ફિલ્મોની ઓળખ રહ્યું છે. આજના ગીતો વિશે શું વિચાર છે?***

**ઇમરાન:** 2000ના દાયકામાં સંગીતમાં મેલોડી વધુ મજબૂત હતી. આજકાલ ડિજિટલ યુગમાં એલ્ગોરિધમ્સ જ ગીતો હિટ બનાવે છે પણ મને એ જૂની રોમેન્ટિક મેલોડીની અત્યારના ગીતોમાં કમી લાગે છે. તે સમયના ગીતોમાં એક આત્મા હતી. આજકાલ બીટ અને ટેમ્પો વધારે છે, પરંતુ એ ભાવનાઓ બાબતે થોડું ખૂટે છે. જોકે નવા સંગીતકારો પણ કંઈક નવું લાવવા પ્રયત્ન કરે છે – તેથી હું આશાવાદી છું.

***એક સમય હતો જ્યારે તમને ‘સીરીયલ કિસર’ કહેવાતું હતું. હવે એ ટેગને તમે કેવી રીતે જુઓ છો?***

**ઇમરાન:** (હસતા) એ ટેગ મારી કારકિર્દીનો ભાગ છે, હું એને નકારી શકતો નથી. પણ હું ખુશ છું કે હવે લોકો મારા અભિનયને પણ એ રીતે જ જુએ છે. આજનો ઇમરાન એના ભૂતકાળથી શરમાતો નથી, પણ એમાંથી શીખેલો છે.

***તમે હંમેશા ખૂબ વિનમ્ર દેખાવ છો. ઇન્ડસ્ટ્રીમાં આ ગુણ કેટલો જરૂરી છે?***

**ઇમરાન:** “વિનમ્રતા ખૂબ જ જરૂરી છે. આ ઇન્ડસ્ટ્રી તમને એક દિવસ આસમાને લઈ જાય અને બીજા દિવસે જમીન પર ઉતારી દે. એટલે આવા દેખાવ અને ઇમેજ કરતા મારા એક્ટિંગ ક્રાફ્ટ અને માણસ તરીકેના ગુણો પર વધારે ધ્યાન આપું છું. નમ્ર રહેવું મુશ્કેલ નથી જો તમે તમારી ઓળખને સમજો. ખ્યાતિ કાયમી નથી. એક દિવસ તમે હેડલાઇનમાં છો, બીજા દિવસે ભૂલી જવાય છે. મારા માટે ‘માનવી રહેવું’ વધુ મહત્વનું છે.

> “સ્ટારડમ એ કંઇ સ્થાયી નથી. એ એક તબક્કો છે જે આવે છે અને જાય છે. જો તમે માત્ર ચાહકોની ચીસોથી ખુશ થાવ છો, તો એ ખાલી છે. મને હવે એવા ચાહકો ગમે છે જે મારી ફિલ્મોનો અર્થ સમજે છે

***તમારા માટે ‘સ્ટારડમ’ એટલે શું છે?***

**ઇમરાન:** “સ્ટારડમ એ કંઈ સ્થાયી નથી. એ એક તબક્કો છે જે આવે છે અને જાય છે. જો તમે માત્ર ચાહકોની ચીસોથી ખુશ થાવ છો, તો એ ખાલી છે. મને હવે એવા ચાહકો ગમે છે જે મારી ફિલ્મોનો અર્થ સમજે છે.

***તમારા કરિયરમાં આવેલી એવી ક્ષણ જે આજે પણ તમને ખુશી આપે છે?***

**ઇમરાન:** ઘણી બધી એવી ક્ષણો છે, ક્યારેક સેટ પર બનેલી નાની ક્ષણો – જે સ્ક્રિપ્ટમાં નહોતી એ કરીએ તે જ સૌથી યાદગાર રહે છે. એ જ ફિલ્મનો જીવ છે. જે તમને ખબર નથી હોતી. જેમ કે આવારાપનનો એક સીન હતો – જ્યાં હું મારી પ્રેમિકાને ગુમાવું છું. એ દૃશ્ય દરમિયાન સેટ પર સંપૂર્ણ શાંતિ છવાઈ ગઈ હતી. શૂટ પૂરુ થયા પછી પણ બધું એક ક્ષણ માટે સ્થિર હતું – એ અનુભવ શબ્દોમાં કહો એ અશક્ય છે.”

***તમે ફિલ્મો પસંદ કરતી વખતે શું જુઓ છો?***

**ઇમરાન:** “સૌથી પહેલા તો વાર્તા. પછી ટીમ. જો વાર્તા મને સ્પર્શે અને ડિરેક્ટર તેને એ જ રીતે બનવી શકશે તેવો વિશ્વાસ જન્માવે – તો હું હા કહું છું.

***છેલ્લા કેટલાક વર્ષોમાં તમે ખૂબ પસંદગીથી ફિલ્મો કરી છે. કોઈ ખાસ કારણ?***

**ઇમરાન:** હા, પહેલા હું સતત ફિલ્મો કરતો હતો – કદાચ ઉતાવળમાં. હવે હું ધીરજ રાખું છું. હું એવી ફિલ્મો કરવી ઈચ્છું છું જેમાં સમય, મહેનત અને આત્મા બંને આપવી પડે. માત્ર નામ કે નાણાં માટે ફિલ્મ કરવી હવે મારી વાત નથી. હું ઘણાં સમયે ઉતાવળમાં ફિલ્મો સાઇન કરતો હતો. હવે એ ભૂલથી શીખ્યો છું - સ્ક્રિપ્ટ અને ટીમ સમજ્યા વગર કોઈ નિર્ણય નથી લેતો. ●

## મળો લાલો ફિલ્મ જોતા સ્મિત કરાવનાર સંગીતકારને

સંવાદ

એક ફિલ્મમાં જ્યારે તેની વાર્તા, દિગ્દર્શન, એક્ટિંગ, દૃશ્ય, સંગીત આ બધા તત્ત્વો એક સાથે જોડાય ત્યારે તે ફિલ્મ લોકોની મનગમતી બને છે. હાલ આવેલી ગુજરાતી ફિલ્મ ‘લાલો’ આ બધી આવશ્યકતા પૂરી કરતી ફિલ્મ બની છે. જે લોકોને ખૂબ પસંદ આવી રહી છે. કૃષ્ણ આ નામ સાંભળતા જ વાંસળીના સૂર સાંભળાતા હોય તેવામાં દ્વારિકાધીશ સાથે જોડાયેલી આ ફિલ્મમાં સંગીત તો અગત્યનો ભાગ હોવાનું જ. ત્યારે આ ફિલ્મનાં સંગીત સાથે જેમનું નામ જોડાયેલું છે તેવા લાલો ફિલ્મનાં સંગીતકાર, નવસારીના સ્મિત સાથે ગુજરાતમિત્રએ સંવાદ કર્યો.



સ્મિત ‘લાલો’ ફિલ્મ પાસે ગયા તે કરતા એમ કહીએ કે ફિલ્મ તેમની પાસે આવી. કારણ કે તેઓ જે ફિલ્મ માટે કામ કરી રહ્યા હતાં તેનું નિર્માણ અટકી પડ્યું હતું. તેમણે પ્રોડ્યુસરની શોધમાં લાલો ફિલ્મનાં પ્રોડ્યુસરનો સંપર્ક કર્યો ત્યારે ફિલ્મની ટિમ સંગીતકારની શોધમાં હતી અને જે ફિલ્મ માટે સ્મિતે વાત કરી તે ફિલ્મ તો ન બની પણ લાલો ફિલ્મ તેમની પહેલી ગુજરાતી ફીચર ફિલ્મ બની. આ પહેલા તેઓ સંગીતકાર તરીકે ઘણી શોર્ટ ફિલ્મ્સ અને સોલો સોન્ગ્સ માટે તેઓ મ્યુઝિક બનાવી ચુક્યા હતા.

ગઝલ, રાગ અને એ.આર.રેહમાનને સાંભળતા સ્મિતનું ફિલ્મ માટે મ્યુઝિક બનાવવા પહેલા સંગીત શીખવાની શરૂઆત થઈ 11 વર્ષની ઉંમરે વેકેશન દરમ્યાન સંગીત ક્લાસમાં જવાથી. નવસારીની સ્કૂલ અને સુરતની ગાંધી કોલેજમાં એન્જીનીયરીંગનું ફોર્મલ એજ્યુકેશન લેવા સાથે ક્લાસિકલ અને વેસ્ટર્ન સંગીત પણ અહીં જ શીખ્યા.

આ ફિલ્મના સંગીત માટે તેમને સૌરાષ્ટ્રના લોક સંગીત પાસે જવું પડ્યું તેમણે ત્યાંના સંગીત વિષે ઘણું રિસર્ચ કર્યું. જેની અસર ફિલ્મના ગીતોમાં અને બેકગ્રાઉન્ડમાં સંભળાશે. ફિલ્મ તેમની પાસે આવી તેના એક મહિનામાં જ તેમને આનું બેકગ્રાઉન્ડ મ્યુઝિક તૈયાર કરી દીધું હતું જે પાછળથી ફિલ્મની સાથેસાથે બદલાતું ગયું. ફિલ્મમાં દિવ્યકુમાર, કિર્તીદાન ગઢવી, એશ્વર્યા મજમુદાર, ક્રિષ્ના બારુઆ, જયસિંહ ગઢવી, પાર્થિવ ગોહિલ જેવા જાણીતા અવાજનો ઉપયોગ કર્યો તે લોકોને ખૂબ પસંદ પડ્યો છે. લોકોને દ્વારિકાનો નાથ ગીત ખૂબ ગમી રહ્યું છે. (કહો કે વાયરલ થઇ રહ્યું છે) ત્યારે સંગીતકાર તરીકે તેની ખૂશી સ્મિતના ચહેરા પર છે. પણ તેમનું મનગમતું ગીત મનોરથજીવ છે. તેમણે ફિલ્મના સંગીત માટે ભગીરથ ભટ્ટ પાસે સિતાર, કિરણ વિન્કર પાસે ફ્લુટ અને ઈશાન દાસ પાસે ગિટારની ધૂન વગાડાવી.




જે આ ફિલ્મના બેકગ્રાઉન્ડ મ્યુઝિકને વધુ મધુર અને ઈમોશનને વધારે ઈમ્પેક્ટફુલ બનાવે છે. સ્મિત પાસે સંગીત માટે મોટી ચેલેંજ એ જ હતી તેઓ ઓવર લાઉડ મ્યુઝિક ન બનાવે. સંગીત દ્વારા કૃષ્ણનો ઉત્સવ કરવો તેમણે તે કરવાની કોશિશ કરી. જેને કારણે જ સંગીતની વધારે ચર્ચા થઇ રહી છે. ●

## ‘Irreplaceable’ રશ્મિકાની અજાણી વાતો...

શો શા

2025 ને કોઈ હિરોઈનને ચહેરો લગાવવો હોય તો તે રશ્મિકા મંદાના જ હોઈ શકે. 2024 પૂરું થતા પુષ્પ-2માં રાઈઝ થયેલી રશ્મિકા 2025 શરુ થતા છાવા, સિકંદર અને થામામાં છવાયેલી રહી આ ત્રણેય ફિલ્મો બોલિવૂડમાં ખૂબ ચર્ચામા રહી, તો બીજી ચર્ચા રહી વિજય સાથે તેના સંબંધોને સ્વીકારવાની અને હવે પોતાની સોલોસ્ટાર ફિલ્મ ધી ગર્લફ્રેન્ડથી તે આ શુક્રવારે ફરી થિયેટરમાં આવી રહી છે. જ્યાં થામા પહેલાથી સક્સેસફુલી રન કરી રહી છે. પણ આ બધા વચ્ચે રશ્મિકાની મનગમતી વસ્તુઓ શું? તે જાણીએ

**અત્યાર સુધીની તમારી સફર માટે શું કહેશો?**
ટોટલી Unexpected

**મનપસંદ ચીટ મીલ?**
મોટીથાળી ભરીને બિરયાની

**જેની સાથે કામ તેમાંથી બેસ્ટ ડિરેક્ટર?**
હું બધા પાસેથી શીખી છું, પણ સુકુમાર સર (પુષ્પા માટે બેસ્ટ કહીશ

**કેવી ભૂમિકા ભજવવાની ઈચ્છા રાખો છો?**
એક ફુલ્લી એક્શન-ઓરિએન્ટેડ

**ઈન્ડસ્ટ્રીમાં એ એકટર જેની સાથે કામ કરવા માંગો છો?**
રણવીર સિંહ

**એ ગીત જે હંમેશા ગણગણતા રહો છો?**
BTS નું કોઈ પણ રેન્ડમ ગીત!

**રજાના દિવસે તમે શું કરો છો?**
જે બધા કરે તે - સૂઈ જાઉં છું, અને મારા કૂતરાઓ સાથે સમય પસાર કરું છું.

**ફેવરિટ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ?**
ઈન્સ્ટાગ્રામ

**એક હોલિવૂડ સ્ટાર જે તમને ગમે છે**
એમ્મા વોટસન.

**એક ખરાબ આદત જેને તમે છોડવાનો પ્રયત્ન કરી રહ્યા છો?**
Procrastinating- જીવનમાં આળસ કરવી!

**વિજય સાથેની ડિયર કોમરેડ કે ગીતા ગોવિંદમ?**
ઓહ, અઘરું છે! ઈમોશન ડિયર કોમરેડ, પણ ફન માટે ગીતા ગોવિંદમ!

**એક ફિલ્મ જેને જોઈને તમને રડવું આવ્યું હોય?**
ઘણી ફિલ્મો, પણ છેલ્લે સીતા રામમ્

**તમારી મોર્નિંગની શરૂઆત?**
એક મોટો ગ્લાસ પાણી અને થોડું સ્ટ્રેચિંગ.

**તમારા જમણા કાંડા પર ટેટૂમાં શું લખ્યું છે?**
“Irreplaceable” (જેને બદલી ન શકાય) એ ટેટૂ કરાવ્યું છે. ●

